ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

સતત આંદોલનોથી નગરજનોને ભારે હાલાકી

પાટનગરમાં વિવિધ સંગઠનો દ્વારા શરૂ થયેલા આંદોલનોને પગલે નગરવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યાં : વસાહત મહાસંઘ દ્વારા આંદોલન સામે આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર છેલ્લા એક માસથી આંદોલનકારીઓથી ધણધણી રહ્યુ છે. માજી સૈનિકો, ખેડૂતો, સરકારી કર્મચારીઓથી લઈને વિવિધ સામાજિક સંગઠનોએ જાણે નગરને આંદોલનનગરમાં ફેરવી દીધુ છે. આંદોલનકારીઓ અને પોલીસના સતત ફેરાથી હવે વસાહતીઓ ત્રાસ્યા છે. પ્રશ્નોનો ઉકેલ લાવી નગરને આંદોલમાંથી મુક્ત કરવાની માંગણી વસાહતીઓ કરી રહ્યા છે. વસાહત મહાસંઘે સ્વયંભૂ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

વિધાનસભાની ચૂંટણી નજીક આવતા વિવિધ સંગઠનોએ પોતાની પડતર માંગણીઓ સંદર્ભે જાણે નગરને બાનમાં લીધુ છે. સવાર પડતા જ નગરના વિવિધ સ્થળોએ દેખાવો શરૂ થઈ જાય છે. આંદોલનકારીઓ મોટી સંખ્યામાં અન્ય શહેરોમાંથી ગાંધીનગરમાં ઉમટી પડ્યા છે. આંદોલનકારીઓના દેખાવાના કારણે પોલીસે શહેરના વિવિધ માર્ગોને કોર્ડન કરી લીધા છે. જેના કારણે નગરમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. શહેરના નાગરિકો, શાળાએ જતા વિદ્યાર્થીઓને રોજેરોજ ટ્રાફિક જામની સ્થિતિનો સામનો કરવો પડે છે. તેઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આ અંગે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યુ છે કે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા આંદોલનોનો જાણે નીવેડો જ આવતો નથી. સરકાર તરફે જાણે કોઈ હરકત જ ન હોય તેમ દિવસે દિવસે આંદોલનો વધુ વેગવાન બની રહ્યા છે. આંદોલનકારીઓના કારણે વસાહતીઓને જે તકલીફો પડી રહી છે તેના કારણે વસાહતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ પણ બંદોબસ્તમાં વ્યસ્ત હોઈ નાગરીકોની સુરક્ષા જોખમાઈ રહી છે. ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ તથા અન્ય નાના મોટા ગુન્હાઓનું પ્રમાણ વધ્યુ છે. વસાહત મહાસંઘે સરકારને રજૂઆત કરી છે કે આંદોલનોનો અંત લાવી નાગરિકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં આવે. જો નાગરિકોની મુશ્કેલીઓ દૂર નહી કરવામાં આવે તો નાગરિકો સ્વયંભૂ આંદોલન કરશે.

છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા આંદોલનોની ભરમાર વચ્ચે શહેરમાં ઉત્સવોની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. નવરાત્રીની તૈયારીઓ ખેલૈયાઓએ પૂર્ણ કરી દીધી છે. તો ઘરની સાફ-સફાઈ કરવાનુ શરૂ કરી ગૃહિણીઓએ દિવાળીની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. શહેરમાં વિવિધ સ્થળોએ ઘર સજાવટની ચીજવસ્તુઓ વેચાઈ રહી છે જે તહેવારોના એંધાણ આપી રહી છે.

ચુંટણી ઢુકડી આવતાં સરકાર સામે આંદોલનોની ભરમાર વધી

વિવિધ વિભાગના કર્મચારીઓ, સમુદાયો અને સંગઠનોના મળીને ૧૮ જેટલાં આંદોલનો ચાલે છે

ગાંધીનગર, તા.૨૦

આજે સતત બીજા દિવસે રાજ્યનું પાટનગર ગાંધીનગર વિવિધ આંદોલનકારીઓથી ઉભરાયું હતું. આજે શહેરમાં સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે એક સાથે ત્રણેક આંદોલનો જોવા મળ્યાં હતાં તો બીજી તરફ સેક્ટર-૧૦એમાં અરણ્ય ભવન અને સચિવાલયન પ્રવેશદ્વારે પણ વિવિધ આંદોલનો ચાલુ રહ્યા હતાં. શહેરમાં છેલ્લાં ઘણાં દિવસોથી વારંવાર આંદોલનોની પરિસ્થિતિ સર્જાઈ રહી છે જેના કારણે ટ્રાફિકજામ અને મુખ્ય માર્ગો તેમજ તેની આસપાસના વિસ્તારોમાં આડેધડ પાર્કિંગની સમસ્યા સાથે શહેરીજનો હેરાનગતિનો ભોગ બની રહ્યાં છે જેના કારણે શહેરીજનોનો વહિવટી તંત્ર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. આ સાથે આંદોલનકારીઓને સરકાર દ્વારા કોઈ નક્કર પ્રત્યુત્તર પ્રાપ્ત થતાં નથી જેના કારણે તેમની સતત અવગણના કરાઈ રહી હોવાનું અનુભવાઈ રહ્યું છે જેના કારણે તેમનામાં પણ રોષ વધતો જોવા મળી રહ્યો છે. અત્યારે સરકાર સામે વિવિધ સંગઠનોના કુલ મળીને ૧૮ જેટલાં આંદોલનો ચાલી રહ્યાં છે અને ગુરુવારથી ગુજરાત વિધાનસભાનું બે દિવસનું ચોમાસું સત્ર યોજાઈ રહ્યું છે જે દરમ્યાન આંદોલનકારીઓ સરકારનો ઘેરાવ કરે તેવી શક્યતા છે. આ સ્થિતિ આગામી સમયમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં સરકાર માટે આકરી નિવડી શકે છે.

સમયસર

વિધાનસભાની ચુંટણીઓ નજીક આવતાં જ ગુજરાત સરકાર સામે આરોગ્ય કર્મચારીઓ, વન કર્માચારીઓ, શિક્ષણ અને મહેસુલ વિભગના કર્મચારીઓ સહિત માજી સૈનિકો, પેન્શરો, માલધારીઓ, ખેડૂતો, બોર્ડ-નિગમોના કર્મચારીઓ, બેરોજગારો, વિદ્યાર્થીઓ, ગૌભક્તો તેમજ વિવિધ સામાજિક સંગઠનો વેગેરે પડતર પ્રશ્નોને મળીને આશરે ૧૮ જેટલાં આંદોલનો ચાલી રહ્યાં છે. વિધાનસભાના ચોમાસું સત્રના બે દિવસ દરમિયાન વિવિધ આંદોલન સરકાર માટે માથાના દુખાવા સમાન બની શકે છે. આ સમયે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે અને સરકાર સામે વિરોધ પ્રબળ બની રહ્યો છે. સરકાર સામે ચુંટણી સમયે સૌ કોઈ પ્રેશર ટેકનિક અજમાવી પોતાના પ્રશ્નો ઉકેલાવી લેવાની ફિરાકમાં છે ત્યારે સરકાર દ્વારા અપેક્ષા અનુસાર પ્રતિભાવ પ્રાપ્ત ના થઈ રહ્યાં હોવાથી રોષ વધી રહ્યો છે. સરકારે આંદોલનો ડામવા પાંચ મંત્રીઓની સમિતિ બનાવી છે પરંતુ તેની પણ કોઈ અસરકારકતા દેખાતી નથી.

કલોલ-દહેગામમાં એક એક કોરોના દર્દી નોંધાયા

ગાંધીનગર શહેરમાં કોરોનાનો કે સ્વાઈનફ્લૂનો એકપણ કેસ ના નોંધાતા તંત્રને રાહત

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં એકપણ કેસ કોરોના પોઝીટીવ નોંધાયો નથી. જયારે કલોલ અને દહેગામમાં એક એક કેસ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે. જયારે સ્વાઈન ફલુનો એકપણ કેસ જિલ્લામાં નોંધાવા પામ્યો નથી.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરી વિસ્તારનો ૩૧ વર્ષિય યુવકનો અને કલોલ તાલુકાના રાંચરડા ગામનો ૩૦ વર્ષિય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ નોંધાયો છે.

જયારે એચવન એનવન નો એકપણ કેસ નોંધાયો નથી. જયારે કોરોનાના ૬ દર્દી સાજા થતા ડીસ્ચાર્જ કરાયા હતા. એકતરફ નવરાત્રી દિવાળી પર્વના આગમન સમયે કોરોનાએ વિદાય લેતાં નાગરિકોમાં રાહતની લાગણી પ્રસરી હતી. હજુ વાઈરલ અને ડેન્ગ્યુનો ભય વર્તાય છે. તાવના દર્દીઓ પણ વધતાં જાય છે.

મુખ્યમંત્રીનો સ્વાગત ઓન લાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના નાગરિકો, પ્રજાજનોની સમસ્યાઓ, રજૂઆતોના ટેકનોલોજીના માધ્યમથી સ્થળ પર નિવારણનો મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ તા. ૨૨ સપ્ટેમ્બર ગુરૂવારે યોજવામાં આવશે નહિ. દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતો મુખ્યમંત્રીશ્રીનો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુજરાત વિધાનસભાના સત્રની કામગીરી ગુરૂવાર તા.૨૨ સપ્ટેમ્બરના રોજ ચાલુ હોવાથી મોકૂફ રાખવામાં આવ્યો છે.

શહેરી વિસ્તારના ગામોમાં પુરતા ફોર્સથી પાણી આપવા લાઈનનુ કામ હાથ ધરાશે

શહેરી ગામોમાં નવી પાઇપ નાંખી હયાત લાઇન સાથે જોડાણ અપાશે : દિવાળી બાદ પાણી વધુ ફોર્સથી આવશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. એકબાજુ નળ સે જળ યોજના અન્વયે હજુ નવા જોડાણો આપવામાં આવ્યા નથી જયારે ગામોમાં પુરતા ફોર્સથી પાણી આપવા માટે હાલ હયાત લાઈન સાથે જોડાણ આપવા માટે ડકટેઈલ આર્યન પાઈપલાઈન નાંખવામાં આવશે. સે-૨૯ માં પણ શોપિંગ વિસ્તારમાં પાણીની સમસ્યાના હલ માટે નવી લાઈન નાંખવામાં આવશે.

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓનો હજુ પણ અભાવ વર્તાઈ રહ્યો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. શહેરી વિસ્તારના ગામોમાં આકરી ગરમીના દિવસોમાં અનેકવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. જેના લીધે તંત્રની કચેરીએ માથે બેડા મુકીને મહીલાઓ રજુઆત કરીને આક્રોશ કરતી હોવાના દ્રશ્યો પણ અનેકવાર ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા અગાઉ નવા બોર બનાવાયા હતા જયારે ગામોમાં પુરતા ફોર્સથી પાણી મળી રહે તે માટે નવી લાઈન પણ નાંખવામાં આવી છે. પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર પાલજ, બાસણ અને બોરીજ ગામમાં નવી ડકટેઈલ આર્યન પાઈપ લાઈન નાંખવામાં આવશે. આ ઉપરાંત સે-૨૯માં પણ નવી લાઈન નાંખવા માટે આવનાર છે. પાણી પુરવઠો ફોર્સથી સપ્લાય થાય તે માટે નવી ડકટેલ પાઈપ લાઈન નાંખવામાં આવશે. જેને હયાત લાઈન સાથે જોડવામાં આવશે. આ ત્રણેય ગામોમાં પીવાનુ પાણી પુરતા ફોર્સથી મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. નવા ટયુબવેલ સાથે પાણીની લાઈનનુ જોડાણ આપવામાં આવશે જેના લીધે ફોર્સથી પાણી સપ્લાય કરવામાં કોઈ વાંધો આવશે નહીં. આ કામગીરી પુર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે દિવાળી બાદ આ વિસ્તારમાં પાણીની સમસ્યા હલ થઈ જશે. શહેરી ગામોમાં માળખાગત સુવિધાઓ યોગ્ય કરવા માટે અવારનવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે શહેરની સાપેક્ષમાં શહેરી ગામોમાં પણ માળખાગત સુવિધાઓ સ્માર્ટ બને તેવી માંગ પણ પ્રબળ બની છે. અગાઉ ગામોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે નવા બોર બનાવાયા હતા જયારે વિવિધ વાસ અને વિસ્તારમાં પુરતા દબાણથી પાણી મળી રહે તે માટે નવી લાઈન પણ નાંખવામાં આવી છે.

જયારે બીજીતરફ નળ સે જળ અન્વયે નવા જોડાણ આપવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે નળ સે જળ યોજના

● અનુસંધાન પાન-૭ પર

બે વર્ષના અંતે આરટીઓનુ તંત્ર ચાર્જમાંથી મુક્ત થયુ

કાયમી અધિકારીને નિમણુંક : પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી તરીકે ભુજથી નિરવ બક્ષીને બદલીથી મુકાયા

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર આર ટી ઓ કચેરીના તંત્રને બે વર્ષના અંતે ચાર્જમાંથી મુકિત મળી છે. અલબત્ત છેલ્લા બે વર્ષથી કાયમી અધિકારીની નિમણુંકના અભાવે મોડેલ કચેરી ચાર્જમાં ચાલતી હતી જેના લીધે આમ નાગરિકો અલબત્ત અરજદારો પણ તંગ થઈ ગયા હતા. જયારે હવે ભુજથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી નિરવ બક્ષીને ગાંધીનગર આર ટી ઓ તરીકે નિમણુંક આપવામાં આવી છે. જેના અંતે કામગીરીમાં સુધાર આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં આર ટી ઓ કચેરીનો વહીવટ ખાડે ગયો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. મોડેલ આર ટી ઓ કચેરી તરીકેની ઓળખ ધરાવતી આર ટી ઓ કચેરીમાં મેન પાવરનો અભાવ છે. છેલ્લા બે વર્ષથી આર ટી ઓ નુ તંત્ર ચાર્જમાં ચાલતુ હતુ. ઈન્સ્પેકટરને વાહન વ્યવહાર અધિકારીને ચાર્જ આપવામાં આવ્યો હતો. પરંતુ હાલ આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી અધિકારીઓમાં બદલીનો દૌર ચાલી રહ્યો છે. ત્યારે આવા સંજોગોમાં ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં પણ ચાર્જમાં ચાલતી વાહન વ્યવહાર અધિકારીની જગ્યા પણ ભરાઈ ગઈ છે. ભુજમાં ફરજ બજાવતા વાહન વ્યવહાર અધિકારીની ગાંધીનગર આર ટી ઓમાં બદલી કરવામાં આવી છે. જયારે ઈન્સ્પેકટર અને સહાયક ઈન્સ્પેકટરની પણ જગ્યાઓ ભરાયેલી હોવાથી આર ટી ઓનુ તંત્ર વધુ સક્રીય થશે તેવી આશા પણ આમ નાગરિકોમાં બંધાઈ છે. છેલ્લા બે વર્ષથી ચાર્જમાં કાર્યરત આર ટી ઓ કચેરી હવે સાચા અર્થમાં મોડેલ કચેરીની જેમ કામ કરશે તેમ પણ મનાઈ રહ્યુ છે. અગાઉ સરકાર કક્ષાએથી બદલીના ઓર્ડર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

અરણ્ય ભવન સામે વન કર્મચારીઓએ પડતર પ્રશ્નો મુદ્દે મોરચો માંડ્યો

સતત બીજા દિવસે પણ આંદોલન યથાવત, પોલીસે લાઠીઓ વીંઝી હોવાનો વન કર્મચારીઓ દ્વારા આક્ષેપ

ગાંધીનગર, તા.૨૦

વન વિભાગના વનરક્ષકો અને વનપાલો દ્વારા ગ્રેડ-પે અને અન્ય માંગણીઓને લઈ શરુ કરવામાં આવેલ આંદોલન આજે બીજા દિવસે પણ યથાવત રહ્યું છે. આજે ચ-૩ સર્કલ પાસે આવેલી અરણ્ય ભવન ખાતે વનકર્ચમારીઓ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. તે સમયે પોલીસે વન કર્મચારીઓ પર લાઠીઓ વીઝીં હોવાનો આક્ષેપ પણ કર્મચારીઓએ કર્યો હતો. ત્યારે અરણ્ય ભવન ખાતે વનકર્મચારીઓએ સરકાર સામે મોરચો માંડ્યો છે. સરકાર દ્વારા વનરક્ષકો-વનપાલોની પડતર

માંગણીઓનો ઉકેલ નહી આવે ત્યાં સુધી આંદોલન યથાવત રાખવા માટેની ચિમકી પણ વનકર્મીઓએ ઉચ્ચારી છે. તો બીજીતરફ વન કર્મચારીઓના

● અનુસંધાન પાન-૭ પર

જુના સચિવાલય સંકુલમાં પાંચ નવી લીફટ મુકવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે

લીફટ માટે અંદાજિત રૂ ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના જુના સચિવાલય સંકુલમાં અનેકવિધ વિભાગોની કચેરીઓ કાર્યરત છે. જયારે જુના સચિવાલય સંકુલમાં રોજબરોજ ફરજ પર આવતા કર્મચારીઓ ઉપરાંત મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ છે. જયારે સચિવાલય સંકુલમાં લીફટની સુવિધા પુર્ણ રૂપે ન હોવાના લીધે મુલાકાતીઓને જેમાં ખાસ કરીને સિનિયર સિટીઝન્સ ઉપરાંત વિકલાંગ વ્યકિતને વિશેષ હાલાકી વેઠવી પડે છે. જેના અંતે જુના સચિવાલય સંકુલમાં તબક્કાવાર નવી લીફટ મુકવાનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સચિવાલય સંકુલમાં નવી પાંચ લીફટ મુકવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે આ અન્વયે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૧.૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો જોખમી બનતા તોડવામાં આવી રહ્યા છે. જયારે આ જુના આવાસોના સ્થાને કોર્પોરેટ લુક ધરાવતા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. બીજીતરફ જુની સરકારી કચેરીઓનુ પણ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં સે-૧૧ ખાતે નવા કોર્ટ બિલ્ડીંગનુ પણ નિર્માણ કામ હાથ ધરાશે જયારે નવા અને જુના સચિવાલયમાં પણ દાયકાઓ જુના બ્લોકનુ રીનોવેશન કરવામાં આવશે જો કે જુના સચિવાલયમાં જુના બ્લોક યથાવત રાખી તબક્કાવાર નવા બ્લોક બાંધવાની યોજના પણ હાથ ધરવામાં આવશે. ચાર દાયકાથી વધુ સમય પહેલા નિર્માણ કરાયેલા જુના સચિવાલયના વિવિધ બ્લોકમાં હાલ અન્ય કોઈ સુવિધા નથી જુના સચિવાલયમાં અનેકવિધ કચેરીઓ પણ કાર્યરત છે. વિવિધ વિભાગોની કચેરીઓથી ધમધમતા આ સંકુલમાં રોજબરોજ અવરવજવર કરતા કર્મચારીઓની સાથે મુલાકાતીઓની સંખ્યા પણ વધુ જોવા મળે છે. આવા સંજોગોમાં સચિવાલય સંકુલમાં હાલની

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ઓકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સેકટરોના એપ્રોચ પાસે માર્ગ વાઈડનીંગ બાદ માર્ગ સલામતી વધારે જોખમાઈ

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં માર્ગ સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે શહેરના મુખ્યમાર્ગો સિકસલેન કરી દેવાયા છે. બીજીતરફ કોર્પોરેશન કક્ષાએથી હાલ સેકટરોના એપ્રોચ માર્ગ પર વાઈડનીંગનુ કામ ચાલી રહ્યુ છે. જો કે આ કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે. સેકટરોમાં રીંગ રોડ તેમજ એપ્રોચ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે એપ્રોચની કામગીરી દરમિયાન વચાળે ડિવાઈડર પણ મુકી દેવાયા છે. આ સ્થિતિમાં આસપાસના વિસ્તારમાં સ્થિત કોર્મશિયલ પ્રવૃતિઓના લીધે માર્ગ વચાળે આડેધડ વાહનો પણ ખડકી દેવાય છે જેથી વાઈડનીંગના અંતે આ વિસ્તારમાં માર્ગ સલામતીનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો સિકસલેન કરી દેવાયા છે. જયારે મુખ્યમાર્ગો પૈકી હાલ ગ માર્ગને પણ સિકસલેન કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે ગ માર્ગનુ કામ છેલ્લા બે વર્ષથી પુર્ણ થયુ નથી જયારે હાલ પણ મંદ ગતિએ આ કાર્યયોજના આગળ વધી રહી છે. બીજીતરફ સેકટરોના આંતરિક માર્ગો હાલ વરસાદી દિવસોમાં ઉબડ ખાબડ બનતા સેકટરવાસીઓ તોબા પોકારી ગયા છે. સેકટરોમાં નિયત સમયના અંતે હવે માર્ગ રીસરફેસીંગના કામો હાથ ધરવાની અનિવાર્યતા છે. ત્યારે આગામી નવરાત બાદ માર્ગ સુધારણાના કામો હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. ગાંધીનગરમાં મેગાસીટીની જેમ ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. શહેરના મુખ્યમાર્ગો પર વાહનોની અવરજવર વધી છે. જેના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો પણ હવે રોજબરોજ જોવા મળી રહ્યા છે. પરંતુ ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે પણ માર્ગ સલાતમી જોખમાઈ છે. બીજીતરફ સેકટરોના આંતરિક માર્ગો પર પણ વાહનોની અવરવજર પણ વધી છે. મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધવાની સાથે સેકટરોના એપ્રોચ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધતુ જાય છે. કોર્પોરેશન કક્ષાએથી સેકટરોના એપ્રોચના વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સેકટરોના રીંગ રોડને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે. જે અન્વયે માર્ગ વચાળે ડિવાઈડર મુકવામાં આવ્યા છે. પરંતુ સેકટરોના એપ્રોચ પાસે કોર્મશિયલ કોમ્પલેક્ષો પણ અસ્તિત્વમાં છે. કેટલાક ઠેકાણે દબાણો પણ વધુ છે જેના લીધે આવા વિસ્તારમાં વાહનો પણ માર્ગ પર જ ખડકી દેવામાં આવે છે. પાર્કીંગ વ્યવસ્થા જળવાય તે માટે કોઈ આયોજન નથી આ સ્થિતિ વચ્ચે સેકટરોના એપ્રોચ પરથી સેકટરમાં પ્રવેશવાનુ પણ જોખમી બન્યુ છે. ઘ- દોઢ પાસે સે-૩ માં જવાના માર્ગ પર આવી જ સ્થિતિ છે. જયારે સે- ૧૭ : ૨૨ પાસે પણ વાહનો યોગ્ય રીતે પાર્ક ન થતા માર્ગ પરથી પસાર થવાનુ વધુ જોખમી બન્યુ છે. માર્ગ વાઈડનીંગની યોજનાના અંતે પણ માર્ગ સલામતી જળવાતી નથી. આવા સંજોગોમાં સેકટરોના એપ્રોચ પર માર્ગ સલાતમી જળવાય તે માટે દબાણો દુર કરવા તેમજ પાર્કીંગ વ્યવસ્થા પણ યોગ્ય રીતે ગોઠવાય તે અનિવાર્ય છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com